કૌશલ્ય તાલીમને મુખ્ય શિક્ષણ ધારા સાથે
<u>જોડાણ અંગેની નીતિ</u>.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મશબ/૧૨૧૧/૫૯૦/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨-૬-૨૦૧૧

<u>ઠ રા વઃ-</u>

હાલ આપવામાં આવતા શિક્ષણને રોજગારલક્ષી બનાવવા માટે આઇ.ટી.આઇ. અને પોલીટેકનીક માં અપાતા કૌશલ્ય વર્ધન માટેના શિક્ષણને વધુ ઉત્તેજન આપવાની જરૂર છે. તાંત્રિક પ્રકારનું કૌશલ્ય મેળવેલ વિદ્યાર્થીઓને હાલ ઉચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમ પછી કોલેજમાં દાખલ થવાની તક મળતી નથી જે તેમની શૈક્ષણિક કારકિર્દી માટે બાધા રૂપ બને છે. જે ધ્યાને લઇ કૌશલ્ય તાલીમને મુખ્ય શિક્ષણ ધારા સાથે જોડવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે કૌશલ્ય વર્ધન તાલીમને બળ મળે તેમજ કૌશલ્ય તાલીમ અને ઉચ્ચ શિક્ષણ વચ્ચે સેતુ બંધાય તે માટે નીચે દર્શાવેલ વિગતે,રાજયની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (I T I) તેમજ પોલીટેકનીક કોલેજો ના માન્યતા પ્રાપ્ત અભ્યાસ ક્રમોને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની સમકક્ષતા, શૈક્ષણિક હેતુસર આપવાનું સરકારશ્રી એ ઠરાવેલ છે.

૧. જે વિદ્યાર્થીઓએ ધોરણ-૮ પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઇ.ટી.આઇ.) નો બે વર્ષ કે તેથી વધુ સમય ગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (એન.સી.વી.ટી.) અથવા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (જી.સી.વી.ટી.) ની પરીક્ષા પાસ કરેલ હોય અને જો તેઓ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ની ધોરણ-૧૦ ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તે વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુસર ધોરણ-૧૦ ની સમકક્ષ ગણવામાં આવશે.

૨. જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ પાસ કર્યા પછી આઇ.ટી.આઇ. નો બે વર્ષનો અથવા તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની એન.સી.વી.ટી.અથવા જી.સી.વી.ટી. ની પરીક્ષા પાસ કરેલ હોય તો તે વિદ્યાર્થીઓ જો પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ની ધોરણ-૧૨ ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તે વિદ્યાર્થીઓને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુસર ધોરણ-૧૨ ની સમકક્ષ ગણવામાં આવશે.

૩. જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ પછી પોલીટેકનીક માં ૩ વર્ષ નો ડિપ્લોમા કોર્સ કરેલ હોય તે વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ માટે ધોરણ-૧૨ ની સમકક્ષ ગણવામાં આવશે. તેમજ આ વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ પછી ત્રણ વર્ષનો કોર્સ કરેલ હોઇ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે કોલેજમાં દાખલ થાય તો તેણે અગાઉનું એક વર્ષ વધારાનું ભણેલ છે જે ધ્યાને લઇ કેટલાંક વિષયોમાંથી Choice Based Credit System (CBCS) હેઠળ ૪૦ ક્રેડીટ જમા આપવા પણ યુનિવર્સિટીઓને અનુરોધ કરવામાં આવે છે જેથી તેઓ સરળતાથી સ્નાતક ની ડીગ્રી મેળવી શકે.

આ ઠરાવ શ્રમ અને રોજગાર વિભાગના પરામર્શમાં બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એલ. પટેલ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

નકલ રવાના:-

(૧) માનનીય રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
(૨) માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) માનનીય મંત્રીશ્રી (શ્રમ અને રોજગાર) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
(૪) માનનીય મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૫) માનનીય રા.કમંત્રીશ્રી(પ્રા.અને માધ્ય.શિ) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
(૬) માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
(૭) અધિક મુખ્ય સચિવશ્રી,શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
(૯) કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજય ગાંધીનગર.
(૧૦) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ ગુજરાત રાજય, ગાંધીનગર.(સર્વે યુનિવર્સિટીઓને પરિપત્રીત કરવાની વિનંતી સહ)
(૧૧) નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણ ગુજરાત રાજય, ગાંધીનગર.
(૧૨) નિયામકશ્રી રોજગાર અને તાલીમ ગુજરાત રાજય, ગાંધીનગર.
(૧૩) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
(૧૪) સચિવાલયના સર્વે વિભાગો.
(૧૫) વિભાગની સર્વે શાખાઓ.
(૧૬) સીલેકટ ફાઇલ.
(૧૭) નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.